પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day :MONDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં એક હજાર 400 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે પોતાના જૂના સંસ્મરણો પણ તાજા કર્યા. તેમણે જણાવ્યું કે બહુ ઓછા લોકોને ખબર હશે કે મારી સામાજિક નેતા તરીકેની કારકિર્દી રામાપીરના ટેકરા પરથી શરૂ થઈ હતી.

(BYTE: AMIT SHAH – TEKRO)

તેમણે આવાસ પ્રાપ્ત કરનાર તમામ લાભાર્થીઓને અભિનંદન પણ પાઠવ્યા હતા તેમણે રહીશોને પોતાના બાળકોના શિક્ષણ પર ભાર આપવા આગ્રહ કર્યો.

(BYTE: AMIT SHAH – EDUCATION)

GOVERNOR NEW YEAR GREETINGS

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્યના નાગરિકોને નૂતન વર્ષના શુભ અવસરે શુભકામનાઓ પાઠવી છે. એક વીડિયો સંદેશમાં રાજ્યપાલે કહ્યું, નવું વર્ષ માત્ર કેલેન્ડર બદલવાનો નહીં, પરંતુ વિચારોને નવી દિશા આપવા અને સંકલ્પોને નવી શક્તિ આપવાનો અવસર છે. તેમણે કહ્યું, વીતેલા સમયના અનુભવ આપણને શીખ આપે છે અને આવનારો સમય આપણા માટે નવી શક્યતાઓના દ્વાર ખોલે છે.

આપણો પ્રત્યેક પ્રયાસ માત્ર વ્યક્તિગત ઉન્નતિ પૂરતો મર્યાદિત ન રહેતા પરિવાર, સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં પણ યોગદાન આપે તેવો સંકલ્પ કરવા પણ રાજ્યપાલે સૌને અપીલ કરી.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)

MSN JAL SANCHAY

મહેસાણા જિલ્લામાં ચોમાસામાં વરસાદનું પ્રમાણ ઓછું હોવાથી ખેડૂતોને સિંચાઈ માટે પાણીની અછત ન સર્જાય તે માટે રાજ્ય સરકારના નર્મદા જળસંચય અને પાણી પૂરવઠા વિભાગ દ્વારા જિલ્લાના 100 તળાવ ભરવાનું શરૂ કરાયું છે. તે અંતર્ગત કડી, વિજાપુર અને વિસનગર તાલુકાના 23 તળાવમાં નર્મદાનું પાણી છોડવામાં આવ્યું હતું. તળાવોમાં પાણીના કારણે સિંચાઈમાં પાંચ હજાર ખેડૂતોને સીધો લાભ થશે.

ARV SHAMLAJI TEMPLE

અરવલ્લીના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં દિવાળીના પાવન પર્વ નિમિત્તે ભક્તોની ભારે ભીડ જોવા મળી. દિવાળીના શુભ અવસરે દૂરદૂરથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન શામળિયાના દર્શનાર્થે આવ્યા હતા. આ પ્રસંગે ભગવાનને અર્પણ કરાયેલો છ કરોડ રૂપિયાનો સોનાનો મુગટ અને 50 લાખ રૂપિયાની સોનાની મોજડી આકર્ષણનું કેન્દ્ર રહ્યા. આ અંગે દર્શનાર્થી વિમળાબેને પ્રતિક્રિયા આપી.

(BYTE: VIMLABEN, DEVOTEE)

MSN NATIONAL COMPETITION

મહેસાણાનં ખેલાડી દિયા પનીકરની રાષ્ટ્રીયકક્ષાની બેડમિન્ટન સ્પર્ધા માટે પસંદગી થઈ છે. એકલવ્ય સ્કૂલમાં ભણતાં આ ખેલાડીએ આણંદમાં યોજાયેલી ગુજરાત રાજ્ય બેડમિન્ટન સ્પર્ધામાં ભવ્ય પ્રદર્શન કર્યું હતું. 17 વર્ષથી ઓછા વયજૂથમાં વિજેતા બનનારાં દિયા પનીકર મિક્સ્ડ ડબલ્સ સ્પર્ધામાં ફાઈનલ સુધી પહોંચી ઉપવિજેતામાં સ્થાન મેળવ્યું હતું. રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં સારા દેખાવના આધારે તેમની હવે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે ગુજરાતની ટીમમાં પસંદગી થઈ છે.